ભારે વરસાદના પગલે શહેરની શાળાઓમાં પરીક્ષા મુલતવી રહી

અમુક શાળાઓમાં પરીક્ષા લેવાઈ : પરીક્ષાર્થીઓની પાંખી હાજરી ગેરહાજર વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનું આયોજન કરવા ડી.ઈ.ઓ.ની સૂચના

ગાંધીનગર, તા.૨૫

શહેરમાં વહેલી પરોઢથી વરસતા ધોધમાર વરસાદના લીધે પરીક્ષાર્થીઓ માટે મુંઝવણભરી સ્થિતિ સર્જાઈ હતી. વરસાદના લીધે કેટલીક ખાનગી શાળાઓમાં પરીક્ષા હોવા છતાં પણ રજા જાહેર કરાઈ હતી. પરંતુ અમુક માધ્યમિક શાળાઓમાં પરીક્ષાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવી હતી. જો કે પરીક્ષાર્થીઓની પાંખી હાજરીના લીધે ગેરહાજર વિદ્યાર્થીઓ માટે શાળા કક્ષાએથી પરીક્ષા લેવા પણ શિક્ષણ તંત્રએ જણાવ્યું છે.

શહેરની શાળા-કોલેજોમાં હાલ પરીક્ષાની મૌસમ ચાલુ રહી છે. જયારે પાછોતરા વરસાદનું જોર વધતા ચોમેર પાણી પાણી થઈ ગયું છે. આવા સંજોગોમાં આજે પરીક્ષાર્થીઓ પણ મુંઝવણભરી સ્થિતિમાં મુકાયા હતા. વહેલી પરોઢથી જ ધોધમાર વરસાદ વરસતા વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ શાળા સંચાલકો મુંઝવણમાં મુકાયા હતા. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓએ શાળા સુધી પહોંચવાનું મશ્કેલ બન્યું હતું. પરીક્ષાના પ્રારંભિક તબક્કામાં વારંવાર વિઘ્નરૂપ બનતા શહેરની મોટાભાગની ખાનગી શાળાઓમાં પરીક્ષા બંધ રાખી રજા જાહેર કરી દેવાઈ હતી. જો કે અમુક માધ્યમિક શાળાઓએ જડ વલણ દાખવી પરીક્ષા લીધી હતી. શિક્ષણ વિભાગે આ મામલે કોઈ આદેશ કરવામાં આવ્યો ન હતો પરંતુ મોસમનો મિજાજ પારખી શાળા કક્ષાએથી આ નિર્ણય લેવાયો હતો. બીજી તરફ પરીક્ષાની કાર્યવાહી દરમિયાન અમુક શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી. પરીક્ષા દરમિયાન ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓ માટે શાળા કક્ષાએથી પરીક્ષાનું યોગ્ય આયોજન કરવા જિલ્લા શિક્ષણાધિકારી વિનયગીરી ગોંસાઈએ શાળાના આચાર્યોને સૂચના આપી છે.

ગંદકીની પરાકાષ્ઠા - આ તસવીર ગુજરાતના કોઈ ખુણાના ગામડાની નથી, આ તસવીર શહેરી-ગ્રામીણ કે ઝુંપડપટ્ટી વિસ્તારની નથી... આ તસવીર છે પાટનગરના મુખ્ય બસમથકની... જ્યાંથી હજારો મુલાકાતીઓ સરકાર સમક્ષ રજૂઆત કરવા આવે છે... અને જ્યાંથી નિર્મળ ગુજરાતનો સંદેશો પ્રસારિત થાય છે એવા ગાંધીનગર પરિવહનનું મુખ્ય કેન્દ્ર કેવું અને કેટલું ગંદુ છે એ આ તસવીર પ્રતિત કરાવે છે... સ્વચ્છતાની અને નિર્મળતા પર વચન-પ્રવચન કરવાનું સહેલું છે પરંતુ ઘરનું આંગણું કે નગરનું આંગણું ચોખ્ખુ રાખવું કેટલું અઘરું છે.... તે તો અનુભવે જ સમજાય... ચોખ્ખુ ઘરનું આંગણું, ચોખ્ખા ઘરના ચોક, ચોખ્ખી શેરીઓ અને ચોખ્ખુ મારું શહેર... તો આપોઆપ રાજય અને આખો દેશ ચોખ્ખા ચણાક થઈ જશે.... (તસવીર : કશ્યપ નિમાવત)

આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા

નવા ડી.ડી.ઓ. અને નવા પ્રમુખની અધ્યક્ષતામાં પ્રથમ બેઠક હોવાથી રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે

ગાંધીનગર, તા. ૨૫

આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય રાજકીય ઉત્તેજના સભર વાતાવરણમાં બપોરે બે વાગે મળશે.

જિલ્લા પંચાયતના સરદાર હોલમાં શ્રીમતિ હીનાબેન પટેલની અધ્યક્ષતામાં આ બેઠક મળશે. જિલ્લા પંચાયતની આ સામાન્ય સભામાં ખાસ સામાન્ય સભાની બેઠકની બહાલી આપવા ઉપરાંત વિવિધ સમિતિઓની મળેલ બેઠકમાં થયેલ કાર્યવાહીની નોંધ રજુ કરવામાં આવશે અને તેને બહાલી અપાશે.

જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓમાં ખાલી પડેલી ૧૧ બેઠકો પર નવા સભ્યોની નિયુક્તી પણ આ બેઠકમાં કરવામાં આવનાર હોવાથી પંચાયતના રાજકીય વાતાવરણમાં ઉત્તેજનાઓ જોવા મળી રહી છે. ખાસ કરીને શિક્ષણ સમિતિમાં નિમણુંકો કોની થાય છે તેના પર સૌનું ધ્યાન કેન્દ્રીત થયેલુ છે. કુલ પાંચ જેટલી સમિતિઓમાં સભ્યોની નિમણુંક

● અનુસંધાન પાન-૭ પર

ખૂણે... ...ખાંચરેથી

- ગઈકાલે રાત્રે થયેલા વરસાદને પગલે મહાત્મા મંદિરની આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં તેના નિકાલ માટે તંત્રને ડિવોટરીંગ પંપ લગાવવા પડ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામે વીજ કરંટ લાગતાં બે ગાયના મોત નીપજ્યા છે.
- રાજ્યસભાના સાંસદ શ્રી નટુજી ઠાકોર આજે જિલ્લા કલેકટર કચેરીની મુલાકાતે હતા.
- મુખ્યમંત્રીશ્રીનું કોનવે અમદાવાદ એરપોર્ટથી પરત ફરી રહ્યુ હતુ ત્યારે કોનવેની અડફેટે કુતરૂ આવતાં તેનું મોત નીપજ્યું છે.
- ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિની એક મહત્વની બેઠક આજે બપોરે ૩ વાગે કોંગ્રેસ કાર્યાલય સે. ૨૨ ખાતે મળશે.
- સપ્ટેમ્બર મહિનાનું અંતિમ સપ્તાહ ચાલતુ હોવાથી બેંકોએ વસુલાત માટે ધ્યાન કેન્દ્રીત કર્યું છે.
- ગાંધી જયંતિ નિમિત્તે રોટરી ક્લબ દ્વારા એક સાયકલ યાત્રાનું આયોજન કરાયું છે.
- ગાંધીનગરની વિવિધ કચેરીઓમાં સ્ટેટ વાઈડ એરિયા નેટવર્કના ફોન આજે બંધ હાલતમાં હતા.
- સચિવાલય સ્ટાફ એસો.ના પ્રમુખ શ્રી ભવાનસિંહ પરમારના માતુશ્રીનું આજે અવસાન થયું છે. સ્વર્ગસ્થની આજે સાંજે નીકળેલી અંતિમ યાત્રામાં કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.
- આગામી બીજી ઓક્ટોબરે ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા સાયકલ મહાયાત્રા દ્વારા વિવેકાનંદ સંદેશનો પ્રસાર કરાશે.
- ગાંધીનગરમાં આગામી નવરાત્રી મહોત્વની તડામાર તૈયારીઓ આરંભાઈ છે પરંતુ વરસાદ સતત ચાલુ રહેતા આયોજકો અને ખેલૈયાઓ ચિંતામાં છે...

ટ્રીમીંગ - હરિયાળા ગાંધીનગરમાં વૃક્ષોની સંખ્યા ઘણી છે.... ચારેય તરફ લીલોતરી જોવા મળે છે... મુખ્ય માર્ગોની બંને બાજુઓ પર વૃક્ષોની હારમાળા એક અનોખુ આકર્ષણ જન્માવે છે... ચોમાસા દરમિયાન આ વૃક્ષો ફુલે-ફાલે છે અને વિસ્તરે છે... વૃક્ષોની ડાળીઓ રાજમાર્ગો પર નમી પડે છે ત્યારે વાહનની અવર-જવર માટે મુશ્કેલી સર્જે છે... વન વિભાગ દ્વારા આ વૃક્ષોની ડાળીઓનું ટ્રીમીંગ કામ હાથ ધરાયું છે...

પેથાપુર પાલિકામાં કેસરિયો લહેરાયો

અઢી વર્ષ બાદ પુનઃ ભાજપે સત્તા હસ્તગત કરી : પ્રમુખપદની ચૂંટણીમાં કોંગ્રેસના ૩ સભ્યો બળવો કરી ભાજપમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૫

પેથાપુર નગરપાલિકાના નવા હોદ્દેદારોની આજે યોજાયેલ ચૂંટણીમાં કોંગ્રેસના ૩ સભ્યોએ બળવો કરી અને ઉપપ્રમુખપદ પણ મેળવતાં જિલ્લાના રાજકારણમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

પેથાપુર નગરપાલિકામાં એક સભ્યની બહુમતિ મેળવનાર કોંગ્રેસ પક્ષે અઢી વર્ષ બાદ સત્તા ગુમાવી છે અને ભાજપે તેના પર આજે પુનઃ કબ્જો જમાવ્યો છે.

આજે યોજાયેલ ચૂંટણીમાં ભાજપના શ્રીમતી સીતાબેન પટેલને ૧૫ મત મળ્યા હતા જયારે ઉપપ્રમુખ તરીકે ભાજપ તરફથી જ રજુ થયેલ દરખાસ્ત પર શ્રી અનિલસિંહ વાઘેલાને પણ ૧૫ મત મળતાં તેમને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકા બાદ પેથાપુર નગરપાલિકા પર પણ ભાજપે આજે વિધિવત કબ્જો મેળવી લીધો છે. ભાજપે અઢી વર્ષના ગાળામાં બે પેટા ચૂંટણીઓમાં પણ વિજય મેળવી અને કોંગ્રેસ જે લઘુમતિમાં સત્તા પર હતું તે આજે આંચકી લીધેલ છે. કોંગ્રેસના ૩ સભ્યો પણ ભાજપમાં જોડાતા તેના સંખ્યાબળમાં વધારો થવા પામ્યો છે.

પંડીત દીનદયાલ ઉપાધ્યાયના જન્મ જયંતિ દિન નિમિત્તે ભાજપને પેથાપુર નગરપાલિકા કોંગ્રેસ પાસે હતી તે ભાજપને ભેટ સ્વરૂપે મળી તા. ૨૫-૯-૨૧૦૩ના રોજ પેથાપુર નગરપાલિકાના પ્રમુખ અન ઉપપ્રમુખની ચૂંટણી હતી જેમાં ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર જિલ્લાના પ્રમુખ નૈલેશભાઈ શાહના આદેશ અનુસાર પ્રમુખ તરીકે પટેલ સીતાબેન પોપટલાલ અને ઉપપ્રમુખ તરીકે વાઘેલા અનિલસિંહ મહોબતસિંહ નામનો મેન્ડેડ આપવામાં આવ્યો હતો અને આ મેન્ડેડ જિલ્લાનાં મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ જી. ઝાલા અને જિલ્લાના ઉપપ્રમુખ જયેશભાઈ ચૌધરી સાથે લઈને નગરપાલિકાની સામાન્ય સભામાં આપવામાં આવ્યો હતો ત્યાર પછી ચૂંટણી પ્રકીયા શરુ થઈ ત્યારે ભાજપનાં બાર સભ્યોએ અને કોંગ્રેસના ત્રણ સભ્યોએ સાથે ભાજપને ૨૧માંથી ૧૫ મતોની ભવ્ય બહુમતી મળી હતી અને બહુમતીથી ભાજપ સત્તાસ્થાને આવી હતી અને સમગ્ર ચૂંટણી તંદુરસ્ત વાતાવરણમાં પૂર્ણ થઈ હતી.

સે-૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોની સુધારણાનું કામ હાથ ધરાશે

ક, ગ અને જીઈબીથી સ્મશાન તરફના માર્ગનું પણ નવીનીકરણ કરાશે : કરોડોના ખર્ચને મંજૂરી

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં જૂના સે-૨૦થી ૩૦ના આંતરિક માર્ગો હવે ચકાચક બનાવવાનું કામ હાથ ધરાશે. શહેરના રોડ નેટવર્કને ટનાટન કરવા તંત્ર દ્વારા ખાસ મરામત હેઠળ રૂ. ૩ કરોડના કામોને આખરે મંજૂરી આપી દેવાઈ છે જેમાં સે-૬ થી ૧૯ની બાકી કામગીરી પણ આવરી લેવાશે.

શહેરમાં રોડ નેટવર્કની બાકી કામગીરી પૂર્ણ કરવા હવે કામગીરી હાથ ધરાશે તંત્ર દ્વારા અગાઉ આ મામલે શહેરના વિવિધ માર્ગોની સુધારણા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે આ દરખાસ્ત અન્વયે રૂ. ૩૭ કરોડના ખર્ચે વિવિધ માર્ગોનું નવીનીકરણ હાથ ધરાશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ખાસ મરામત હેઠળ આ કામોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં સે-૬ થી ૧૯ના બાકી રહેલા માર્ગોનું કામ પણ હાથ ધરાશે. આ ઉપરાંત 'ક' અને 'ગ' માર્ગ તેમજ રોડ નં. ૧ થી ૩ને પણ આવરી લેવામાં આવશે. જીઈબી-સ્મશાન વચ્ચેનો બિસ્માર માર્ગ પણ ચકાચક બનાવાશે. છેલ્લા દોઢ વર્ષના અંતે મંજુર કરાયેલી આ દરખાસ્ત અન્વયે સે-૨૦થી ૩૦ના આંતરિક માર્ગોને પણ ચકાચક બનાવાશે. જૂના સેકટરોના આંતરિક માર્ગો છેલ્લા બે વર્ષથી ઉબડખાબડ બનતા માર્ગોની સુધારણા માટે સ્થાનિક રહીશોમાં પણ પ્રબળ માંગ ઉઠવા પામી હતી. જયારે આ અન્વયે ચાર વર્ષના સમયકાળ બાદ જૂના સેકટરોના આંતરિક માર્ગોની દશા સુધરશે. આ મામલે ટૂંકમાં ટેન્ડરપ્રકીયા હાથ ધરવામાં આવશે જયારે અન્ય માર્ગોનું કામ ડીપાર્ટમેન્ટલ પ્લાન્ટના આધારે હાથ ધરાશે.

મહાત્મા મંદિર પાસે પાણી ઉલેચવા ફાઈટર મૂકાયા!!

સી.એમ.ના કાર્યક્રમ વેળાએ તંત્રની ટીમ દોડતી થઈ : કોન્ફરન્સ હોલની એન્ટ્રી પાસે જ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ

ગાંધીનગર, તા.૨૫

શહેરમાં અનરાધાર વરસાદના લીધે ચોમેર વરસાદી પાણી ઉભરાતા જોવા મળે છે. મહાત્મા મંદિર પાસે પણ આજે મુખ્યમંત્રીના કાર્યક્રમ વેળાએ કોન્ફરન્સ હોલની એન્ટ્રી પાસે જ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આ સ્થિતિ નિવારવા કામે લાગેલી તંત્રની ટીમે ત્રણ ફાઈટરો મૂકી તાત્કાલિક પાણી ઉલેચવાનું અભિયાન હાથ ધર્યું હતું.

શહેરમાં આજે વહેલી પરોઢથી શરુ થયેલા અનરાધાર વરસાદના લીધે ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. શહેરના મુખ્યમાર્ગો સહિત આંતરિક રસ્તાઓ ઉપરાંત ખુલ્લા મેદાનો પર વરસાદી પાણી ફરી વળતા કેટલાક ઠેકાણે બેટ જેવો નઝારો જોવા મળ્યો હતો. આકમક વરસાદના લીધે નીચાણવાળા વિસ્તારોમાં પણ વરસાદી પાણી ભરાઈ જતા નાગરિકોને હાલાકી વેઠવી પડી હતી. બીજી તરફ મહાત્મા મંદિર વિસ્તારમાં આજે નેશનલ કોન્ફરન્સના કાર્યક્રમ પૂર્વે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. મહાત્મા મંદિરના કોન્ફરન્સ હોલની એન્ટ્રી નજીક જ વરસાદી પાણી હીલોળા લેતા તંત્રની ટમ દોડતી થઈ હતી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહેવાના હોવાથી હોલના પ્રવેશદ્વાર પાસેથી

● અનુસંધાન પાન-૭ પર

દશા સોરઠીયા વણિક બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી / વડીલશ્રી **નંદલાલભાઈ કપુરચંદ ધોળકિયા** તા. ૨૫/૯/૨૦૧૩, બુધવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. **સદ્ગતનું બેસણું / ઉઠવામાં તા. ૨૭/૯/૨૦૧૩ને ગુરૂવારના રોજ સાંજના ૪ થી ૬** રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી, પોલીસ ચોકી સામે, સેક્ટર-૭બી, ગાંધીનગર. મો. ૯૪૨૬૬ ૨૨૩૬૧ (કિરીટ)

સ્વ. રમણિકલાલ કપુરચંદ ધોળકિયા (ભાઈ)	કિરીટકુમાર નંદલાલ ધોળકિયા (પુત્ર)
હરિલાલ કપુરચંદ ધોળકિયા (ભાઈ)	રાજેશ નંદલાલ ધોળકિયા (પુત્ર)
મોહનલાલ કપુરચંદ ધોળકિયા (ભાઈ)	મનિષ નંદલાલ ધોળકિયા (પુત્ર)
ગીરધરલાલ કપુરચંદ ધોળકિયા (ભાઈ)	રાજેન્દ્ર છોટાલાલ માલવિયા (જમાઈ)
ડો. પ્રજલાલ કપુરચંદ ધોળકિયા (ભાઈ)	અનિલકુમાર નવીનભાઈ મંડેરા (જમાઈ)

ઓનલાઈન જાહેર નિવિદા નં. ૧૪ સને ૨૦૧૩-૧૪

માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવેલ જા.નિ.નં. ૧૪ના ૨૦૧૩-૨૦૧૪ના કામ સારૂ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૪, 'બી' બ્લોક, પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર - ૩૮૨૦૧૬ ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૧૯૯, ૯૮ અને ૯૩ દ્વારા ઓનલાઈન 'બી-૨' ટેન્ડરથી બે કવર પદ્ધતિથી (પ્રિ-ક્વોલીફીકેશન વીથ ટેકનીકલ બીડ અને પ્રાઈઝ બીડ) માંગવામાં આવેલ છે.

અનું. નં.	કામનું નામ	(૧) અંદાજીત રકમ (૨) બાનાની રકમ (૩) ટેન્ડર ફી	ઈજારદારશ્રીની યોગ્યતા શ્રેણી
૧.	ગાંધીનગર ચાંદખેડા ખાતે પી.જી. સ્કૂલ મકાનનું બાંધકામ	રૂ. ૩૭,૫૫,૦૦,૦૦૦.૦૦ રૂ. ૩૭,૫૫,૦૦૦.૦૦ રૂ. ૧૮,૦૦૦.૦૦	'એચે' ક્લાસ અને સ્પે. કેટે-૧ બિલ્ડીંગ

ઈ.ટેન્ડરના દસ્તાવેજો અમારી વેબસાઈટ **www.rnp.nprocure.com** ઉપરથી તા. ૨૧/૧૧/૨૦૧૩થી તા. ૨૯/૧૧/૨૦૧૩ના ૧૭-૦૦ કલાક સુધી જોવા મળી શકશે તેમજ ભરી શકાશે. જો શક્ય હશે તો ટેકનીકલ બીડ અને પુર્વપાત્રતા બીડ તા. ૩૦/૧૧/૨૦૧૩ના રોજ ૧૨-૩૦ કલાકે ખોલવામાં આવશે. બાનાની રકમ, ટેન્ડર ફી અને બધા જરૂરી દસ્તાવેજો જેવા કે રજીસ્ટ્રેશન, ચાલુ કેલેન્ડર વર્ષનું વેલીડ સોલવંશી સર્ટીફિકેટ, પાન કાર્ડ વગેરે ટેન્ડર ભરતી વખતે સ્કેન કરીને ઈલેક્ટ્રોનિક ફોરમેટમાં ઓનલાઈન રજૂ કરવાના રહેશે. જરૂરી ટેન્ડર ફી (ઈ.ડી.) અને બાનાની રકમ (ઈ.એમ.ડી.) ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી એવી રીતે મોકલવાની રહેશે કે જે આ કચેરીમાં ફક્ત તા. ૩૦/૧૧/૨૦૧૩થી તા. ૭/૧૨/૨૦૧૩ના કચેરી સમય દરમિયાન મળી રહે.

માહિતી/૧૩૦૩/૧૩-૧૪

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૬-૯-૧૩, ગુરૂવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨ડી - S/S

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૮-૯-૧૩, શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨૭ - S/S

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

MOTOT ACCIDENT CLAIMS

JURISDICTION, MUMBAI

(Notice Under Section 260 (1) of Maharashtra Motor Vehicle Act-1989)
APPLICATION NO. 2018/09
Mr. Devam Bela Desai ...Applicant.
M/s. Kohinoor Roadways ..Apponent.
AND
New India Assu. Co. Ltd. ...Insurer.
To,
M/s. Kohinoor Roadways,
Add : Prop. Emtiaz Kalubhai Patni, 16, Sabnam Chember, Nawabwada, Danaroad, H.Y.P.T.M.L. Financial Service Ltd., Baroda, Gujarat
To,
Where as per the Attachment Application, Applicant have lodged Application against you to claim compension Under Section **166 & 140 A** of Motor Vehicle Act-1988 regarding the mentioned accident Under Section 165 clause (1) of Motor Vehicle Act 1988. Thefore you should remail present in Court No. 1 on **25/9/2013 at 11.00 A.M.** and show cause why compensation amount demanded by applicant should not be approved.
If you will fail to remain present on above mention date then this Court will considered that you have nothing to say about the compensation and the Court will declared one sided judgment kindly note this.
This Notice issued today on **31/1/2012** with my signature and seal of the judiciary Court.
By Order
For Administrator
M.A.C. Jurisdiction, Mumbai.
9, H.S., Mumbai-400 001.
SEAL

જાહેર નોટીસ

અરજદાર તરફે વકીલ શ્રી કમલેશ આર. ત્રિવેદી

મે. ગાંધીનગરના ચોથા એડી. ચીફ જ્યુડીશીયલ મે.જી. સાહેબશ્રીની કોર્ટમાં
કિ.પ.અ.નં. ૬૯૬/૧૩
આંક :

અજરદાર : મહેતા અશોકકુમાર સોમાલાલ
ઉ.વ. આ. પુખ્ત, ધંધો - વકીલાત
રહે. ઉનાવા, તા. જી. ગાંધીનગર
વિ.
સામાવાળા : ૧. મામલતદારશ્રી કલોલ,
મામલતદાર કચેરી, કલોલ, જી. ગાંધીનગર
૨. તલાટી કમ મંત્રીશ્રી,
ઉનાવા ગ્રામ પંચાયત, ગાંધીનગર
બાબત : જન્મ મરણની નોંધણી અધિનિયમ ૧૩ (બી) તથા ૧૨ મુજબની જન્મની નોંધ કરાવવા બાબત.

આથી જાહેર જનતાને આ નોટીસથી જણાવવાનું કે, અરજદારના નામમાં બચુભાઈ સોમાલાલ મહેતાને બદલે અશોકકુમાર સોમાલાલ મહેતા એ રીતેનો ફેરફાર કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં કિ.પ.અ.નં. ૬૯૬/૧૩થી દાખલ કરેલ છે જેથી કોઈપણ વ્યક્તિને સુધારા અંગેનો જન્મનો દાખલો આપવા સામે વાંધો કે હરકત હોય તો તેઓશ્રીએ જાતે અથવા માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં તા. ૨૬/૯/૨૦૧૩ની મુદતે રજૂ કરવાના રહેશે. જો કોઈપણ ઈસમના વાંધા કે હરકત રજૂ નહી થાય તો આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી. આજ તા. ૨૫/૯/૨૦૧૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- (આર. કે. પરમાર) આસીસ્ટન્ટ
મુકાબલ કરનાર સહી/- (વી.યુ. પટેલ) સુપ્રીટેન્ડેન્ટ
કોર્ટની સિક્કો
હુકમથી સહી/- (સી. એસ. પાંડોર) ડે. રજીસ્ટ્રાર
ચીફ જ્યુ. મેજી. કોર્ટ, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
BIRLA TYRES

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા યોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com